## સંક્ષિપ્ત સમાચાર

### મહીસાગર જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધામાં વીરપુરની વિદ્યાર્થિની પ્રથમ ક્રમે રહી

**વીરપુર** | વીરપુરની આદર્શ વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઇ હતી. જેમાં અંડર - 19મા યોગાસન રિધમીક યોગ



સ્પર્ધામાં સીએમ દેસાઇ હાઇસ્કૂલની વિદ્યાર્થિની વિશ્વા સોલંકીએ ભાગ લઇ પ્રથમ નંબર મેળવ્યો હતો. વીરપુર તાલુકાના સરાડીયા ગામની દિકરી વિશ્વાબેન પ્રકાશભાઈ સોલંકીએ સમગ્ર ક્ષત્રિય સમાજનું નામ રોશન કર્યું છે. આ કાર્યક્રમમાં પ્રાથમિક શિક્ષણાધિકારી વીરપુર વિઠ્ઠલભાઈ પટેલ, સુરેશભાઈ ભાવસાર, દિનેશભાઈ પટેલ, કલ્પેશભાઈ ભાટિયા, દિપીકાબેન પટેલ યોગ ટ્રેનર તેમજ અન્ય શાળાઓમાંથી વ્યાયામ શિક્ષક મિત્રો અને મોટી સંખ્યામાં સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગદીશ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિદ્યાનગરની આઈબી પટેલ સ્કૂલમાં દિવ્ય પ્રેરણા પ્રકાશ પુસ્તક વિતરણ કરાયું



આણંદ | વિદ્યાનગર સ્થિત આઈબી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં શ્રી યોગ વેદાંત સેવા સમિતિ દ્વારા ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓને નૈતિક શિક્ષાના પોષણ અર્થે દિવ્ય પ્રેરણા પ્રકાશ (યુવાધન સુરક્ષા) પુસ્તક વિતરણ કરવામાં આવ્યું હતું. દેશમાં ઔદ્યોગિક, યાંત્રિક અને આર્થિક ક્ષેત્રોમાં વિકાસ થઇ રહ્યો છે, પરંતુ યોગ માર્ગદર્શનના અભાવે યુવા પેઢી ગેરમાર્ગે દોરાઈ રહી છે. ફિલ્મો, મોબાઈલનો દુરુપયોગ, કુસંગ, ફેશનપરસ્તી, અશુદ્ધ આહાર-વિહારના સેવનની પ્રવૃત્તિથી માનસિક, બૌદ્ધિક અને શારીરિક પતન કરી રહ્યું છે. દેશને જો વિશ્વગુરુના પદ પર આસીન થવું હોય, વિશ્વની સભ્યતા અને સંસ્કૃતિઓના શિરોમણી બનવું હોય, ઉન્નત સ્થાન ફરીથી પ્રાપ્ત કરવું હોય તો અહીંના સંતાનોને ઉપરોક્ત સાહિત્ય બાળકોને ખુબ મદદરૂપ નીવડ્યું છે.

### આણંદના પીએમ પટેલ કોલેજના બે એનસીસી કેડેટ્સ થલ સૈનિક કેમ્પમાં પસંદગી પામ્યા

આણંદ | આણંદ પીપલ્સ મેડિકર સોસાયટી સંચાલિત સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે ચાલતી એનસીસી ટ્રેનીંગમાં 100થી વધુ વિદ્યાર્થીઓ



કેડેટ્સ તરીકે જોડાયાં છે. જે પૈકી બે કેડેટ્સની પસંદગી દિલ્હી ખાતે શરૂ થયેલી ઓલ ઈન્ડિયા થલ સૈનિક કેમ્પ માટે થઈ છે. રાજ્યમાં 75 હજારથી વધુ એનસીસી કેડેટ્સ પૈકી રાજ્યના માત્ર 91 કેડેટ્સ પસંદગી પામ્યા છે, તે પૈકી 13 ગુજરાત બટાલિયન એનસીસીના એપીએમએસમાં અભ્યાસ કરતાં 2 કેડેટ્સમાં બીબીએના વિદ્યાર્થી સીપીએલ જયેશભાઈ કટારીયા અને ઓક્યુપેશનલ થેરપી વિભાગના વિદ્યાર્થી એલસીપીએલ ગુમાન વસાવાએ પસંદગી પામ્યા છે.

### બાકરોલ સ્થિત સ્પેક એન્જીનીયરીંગમાં 'પોસ્ટર મેકિંગ' સ્પર્ધા યોજાઇ




**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગના એન્ટી રેગિંગ અને એન.એસ.એસ. સેલ દ્વારા 'પોસ્ટર મેકિંગ' સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં આઇટી, કમ્પ્યુટર, મિકેનિકલ, સિવિલ અને ઇલેક્ટ્રિકલ વિભાગના પ્રથમ અને તૃતીય સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન કોર્ડીનેટર પ્રો. વિસુધા દત્તાણી, પ્રો. સ્મિત આંજણા અને તમામ વિભાગીય કોર્ડીનેટર તથા આઇ.ક્યૂ.એ.સી કો-ઓર્ડિનેટર પ્રો. જય પટેલના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

### તારાપુર તાલુકાના રીંઝા ગામમાં મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



**તારાપુર** | આણંદ જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાની સુચનાથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. દીપક પરમાર દ્વારા તારાપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારના રીંઝા ગામમાં મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગામમાં દવાનો છંટકાવ, લોકોને જરૂરી દવા આપવા અને પીવાનું પાણી ક્લોરિનેશન યુક્ત જ પીવા માટે સમજ આપવામાં આવી હતી. ભારે વરસાદ બાદ ગામમાંથી પાણી ઓસરતા રોગચાળો ફાટી ન નીકળે તે માટે સ્વચ્છતા જાળવવા પણ જાગૃતિ લાવવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદની યુવતીને એનઆરઆઈ સાથે લગ્ન કર્યા બાદ પછતાવવું પડ્યું

# કેનેડામાં રહેતા પતિએ પત્ની પાસે 50 લાખ માંગ્યાં

**કેનેડામાં સ્ટોર નાંખવા** પિયરમાંથી નાણા લાવવા દબાણ કરતો હતો

(પ્રતિનિધિ) નડિયાદ તા.4

નડિયાદ શહેરમાં યુવતીએ કેનેડામાં રહેતા યુવક સાથે લગ્ન કર્યાં હતાં. જોકે, આ લગ્નના ગણતરીના દિવસોમાં જ પતિએ પોત પ્રકાશ્યું હતું અને યુવતીને પિયરમાંથી રૂ.50 લાખ લાવવા દબાણ કરી ધમકાવવા લાગ્યો અને મારઝુડ કરવા લાગ્યો હતો.

નડિયાદના કોલેજ રોડ પર આવેલા ડિસ્કવેર ફ્લેટમાં રહેતા રાકેશ પ્રવિણકુમાર ભટ્ટની દિકરી ધૃવી હાલ બીબીએમાં અભ્યાસ કરે છે. ધૃવીના લગ્ન કેનેડા રહેતા શુભમ ભરતભાઇ મોદી (મુળ રહે. અમદાવાદ) સાથે 10મી સપ્ટેમ્બર,2023ના રોજ કેનેડામાં થયાં હતાં. બાદમાં શુભમે અચાનક 25મી ઓક્ટોબર,2023ના રોજ ભારત આવવા બારોબાર ટીકીટ બુક કરાવી દીધી હતી અને 28મીએ અમદાવાદ આવ્યાં હતાં. બીજા દિવસે તેઓ નડિયાદ પણ આવ્યાં હતાં. આ સમયે શુભમે પોત પ્રકાશ્યુ હતુ અને તેણે 30મી ઓક્ટોબર,2023ના રોજ પૈસા બાબતે ઝઘડો કર્યો હતો. બાદમાં હિન્દુ શાસ્ત્રોક્ત વિધી મુજબ 5મી નવેમ્બર,2023ના રોજ લગ્ન કર્યાં હતાં. આ લગ્ન બાદ તેઓ ઉદેપુર ફરવા ગયાં હતાં. જ્યાં શુભમે ફરી જણાવ્યું હતું કે, તારા પિતાને કહી દેજે કે, મારે કેનેડામાં સ્ટોર નાંખવાનો છે. તો દહેજ પેટે રૂ.50 લાખ આપે. જેથી ધૃવીએ આટલી મોટી રકમ એક સાથે નહીં આપી શકે તેમ કહેતા શુભ ઉશ્કેરાઇ ગયો હતો અને ગમે તે થાય આટલી રકમ મને કરી આપવી જ પડશે. નહીં તો હું તને છુટાછેડા આપી દઈશ. તેમ કહી અપશબ્દ બોલી ઝઘડો કરી મારી નાંખવાની ધમકી આપી હતી. આખરે ધૃવીએ આ બાબતે માતા - પિતાને જાણ કરતાં તેઓએ થોડા ઘણા પૈસાની સગવડ કરી આપવા ખાતરી આપી હતી. ઉદેપુરથી પરત અમદાવાદ આવતાં ધૃવીએ આ અંગે સાસુ - સસરાને વાત કરી હતી. પરંતુ તેઓએ પણ દિકરો કહે તે રકમ તું લાવી આપ. નહીંતર આ ઘરના તમામ દરવાજા તારા માટે બંધ થઈ જશે. અમે તને ઘરમાંથી કાઢી મુકીશું. બીજી તરફ 27મી નવેમ્બર,2023ના રોજ શુભમ કેનેડા જતો રહ્યો હતો.

શુભમ કેનેડા ગયો બાદ પણ ફોન કરી અપશબ્દ બોલી ધૃવી પાસે નાણા મંગાવતો હતો. જોકે, જેમ તેમ કરી કુલ 14 હજાર ડોલર જોઈન્ટ એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યાં હતાં. જે એકાઉન્ટ શુભ જ ઉપયોગ કરતો હતો. બીજી તરફ શુભમ વારંવાર ફોન કરી ઝઘડો કરતો હતો. જ્યારે સાસરિયા પણ ઘરમાં નોકરાણી બનીને રહેવાનું છે, નહીંતર છુટાછેડા આપી દઈશું. તેવી ધમકી આપતાં હતાં.

દરમિયાનમાં ધૃવીએ 12મી ફેબ્રુઆરી,2024ના રોજ ખાનગી કંપનીમાં એક્ઝીક્યુટીવ તરીકે નોકરી ચાલુ કરી હતી. પરંતુ તેના સાસુ સંગીતાબહેન, સસરા ભરતભાઈ મોદી અને નણંદ દીપા મ્હેણાં - ટોણાં મારતાં રહેતાં હતાં. આ ઉપરાંત શુભમ પણ નોકરી પર હાજર હોય ત્યારે ફોન કરી ઝઘડો કરતો હતો. હજુ મામલો ઠંડો પડે ત્યાં શુભમે 28મી એપ્રિલ,2024ના રોજ ફોન કરી પૈસા નહીં આપે તો હું તારી પીઆરની ફાઈલ વિડ્રો કરી દઈશ. તેમ કહી અપશબ્દ કહ્યાં હતાં. આથી, ધૃવીએ ફોન કાપી નાંખતાં તેની સાસુએ થપ્પડ મારી દીધી હતી અને ફોન કેમ કાપ્યો ? આ બાબતે પિયરમાં પણ જાણ કરી હતી. નણંદ પણ ઝઘડો કરી તારા પગલાં અમારા ઘરમાં જોઈએ નહીં. તારે દહેજની રકમ લઈને આવજે. તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી પહેરેલ કપડે જ ધક્કો મારી ઘરમાંથી કાઢી મુક્યાં હતાં. આખરે 29મી એપ્રિલ,24ના રોજ ધૃવી પિયર આવી ગઈ હતી. બાદમાં ચાર મહિના થવા છતાં સાસરિયા તેડવા આવ્યાં નહતાં. આ દરમિયાન 23મી જૂન,2024ના રોજ શુભમે પીઆરની ફાઈલ વિડ્રોવલ કરવા કાર્યવાહી કરી હતી. આ અંગે કેનેડાથી લોયરનો ફોન આવ્યો હતો અને તેઓએ ફાઈલ વિડ્રો કરી નાંખવા બાબતે જણાવી દીધું હતું. આખરે આ અંગે ધૃવીએ ખેડા જિલ્લા મહિલા પોલીસ મથકે પતિ શુભમ ભરત મોદી, સાસુ સંગીતાબહેન, સસરા ભરતભાઈ અને નણંદ દીપાબહેન સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# લુણાવાડાની ફાયનાન્સ કંપનીના કર્મીએ ₹ 13 લાખની ઉચાપત કરી

**ખાતેદારના નામે** લોન લઇ પોતાના ખાતામાં રકમ ટ્રાન્સફર કરી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

લુણાવાડામાં આવેલી કોગટા ફાયનાન્સ કંપનીના કર્મચારી સહિત ચાર શખ્સે લોનધારકના દસ્તાવેજોનો ઉપયોગ કરી લોનની રકમ પોતાના ખાતામાં કરાવી હતી.

વડોદરા રહેતા અને કોગટા ફાયનાન્સમાં એરીયા લીગલ મેનેજર તરીકે ફરજ બજાવતાં કેયુર મહર્ષિભાઈ અધ્વર્યુએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, લુણાવાડામાં અંબાજી મંદિરની પાછળ શહેરા દરવાજાની બહાર કોગટા ફાયનાન્સ બેંકની શાખા આવેલી છે. આ બ્રાંચમાં 1લી સપ્ટેમ્બર,2022થી એસોસિયેટ બિઝનેસ મેનેજર તરીકે દિવ્યરાજસિંહ પ્રતાપસિંહ સોલંકી (રહે. લુણાવાડા) ફરજ બજાવતાં હતાં. જેઓને લોન ધારકોએ નાણા ચુકવ્યાં હોય તે રકમ 24 કલાકની અંદર જમા કરાવવાની હોય છે અને કંપનીની રસીદ આપવાની હોય છે. દરમિયાનમાં ફરિયાદ મળી હતી કે, લોન ધારકે નાણા ભરી દીધા હોય છે, પરંતુ રસીદ મળતી નથી. જેથી તપાસ કરતાં દિવ્યરાજસિંહએ 12 જેટલા લોન ધારકો પાસેથી રૂપિયા લઈને રસીદ બનાવેલી અને આ રૂપિયા કંપનીમાં જમા કરાવ્યાં નહતાં અને અંગત કામમાં વાપરી નાંખ્યાં હતાં. જેમાં કુલ 1,26,061નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કોગટા ફાયનાન્સ કંપનીમાં ફરિયાદ મળી હતી કે, લોનના નાણા ભરવા માટે ફાયનાન્સ કંપનીની નોટીસ આવે છે અને લોનના નાણા તેઓને મળ્યાં જ નથી. આ અંગે પરવેઝ અબ્દુલ મજીદ કાંકરોલિયાએ તપાસ કરતાં દિવ્યરાજસિંહ સોલંકીએ લોન માટેની પ્રોસેસ કરેલી અને તેઓના કહેવા પ્રમાણે એગ્રીમેન્ટ ઉપર સહી કરેલી બાદમાં લોન મંજુર થતાં રૂપિયા ડીએસએના ખાતામાં નાંખેલા હતાં. જે નાણા લોન ધારક સુધી પહોંચ્યાં જ નહતાં. આવી કુલ રૂ.11,78,379ની રકમ બારોબાર પગ કરી ગઈ હતી.

આ અંગે ઊંડાણપૂર્વક તપાસ કરતાં દિવ્યરાજસિંહ તથા ડીએસએ સાનુલહસન અલ્તાફહુસેન બાંડી (રહે. મોડાસા)એ સેલ્વી ફાયનાન્સિયલ સર્વિસ તથા શિવાની ઓટો કન્સલ્ટન્ટના કર્મચારીએ ભેગા થઈને કાવતરૂ રચીને 4 વ્યક્તિને લોન આપવાના બહાને તેઓ પાસેથી દસ્તાવેજો લઈ લોન કેસ બનાવી પોતાના નાણા ખાતામાં લીધાં હતાં. આમ, દિવ્યરાજસિંહ સહિત ચાર શખ્સે કુલ 13,04,440ની છેતરપિંડી આચરી હતી. આ અંગે લુણાવાડા પોલીસે દિવ્યરાજસિંહ, સાનુલહસન, સેલ્વી ફાયનાસિયલ સર્વિસનો કર્મચારી અને શિવાની ઓટો કન્સલ્ટન્ટના કર્મચારી સામે ગુનો નોંધ્યો હતો.

# વીરપુરમાં પાકને નુકશાન થતાં વળતર ચૂકવવા માંગ

**વીરપુર તાલુકા** કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું



(પ્રતિનિધિ) વીરપુર તા.4

વીરપુર તાલુકામાં પાછલા 10 દિવસમાં ઘણા સમયથી અવિરત મેઘમહેર શરૂ છે. જેને પગલે આ વિસ્તારના ખેડૂતોને ખેતીપાકમા વ્યાપક નુકશાની થઇ છે. અતિ ભારે વરસાદથી થયેલા નુકશાની અંગે વળતર ચુકવવા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

બાલાસિનોર વિધાનસભાના કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ આગેવાનીમાં વીરપુર મામલતદારને પાઠવાયેલા આવેદનપત્રમા જણાવાયું હતુ કે, વીરપુર તાલુકાના ગામડાંઓમાં ચોમાસાની સિઝનની શરૂઆતથી અત્યાર સુધી સતત વરસાદ પડયો હતો. જેના કારણે મકાઈ, તલ, મગફળી, કઠોળ અને કપાસ જેવા પાકો સદંતર નિષ્ફળ જવાની ભીતિ છે. તો બીજી તરફ દુધાળા પશુઓના તેમજ માનવ મૃત્યુ પણ થયા છે. હાલની પરિસ્થિતિમા ખેડૂતો ખુબ જ મુશ્કેલી અને મુંઝવણભરી પરિસ્થિતિમા મુકાઈ ગયા છે. આ અંગે યોગ્ય સર્વે કરી ખેડૂતોને વળતર ચુકવવામા આવે તેવી વીરપુર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નાથુસિંહ પરમાર સહિત આગેવાનો હાજર રહ્યાં હતાં.

### ખાનપુરના લવાના ગામ પાસે દારૂ ભરેલી ગાડીના ચાલકની કબુલાત

# આણંદમાં રાજસ્થાનથી આવી રહેલો વિદેશી દારૂ પકડાયો

**સ્ટેટ મોનિટરીંગ** સેલે વાહન ચેકીંગમાં પકડી 11 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) ખાનપુર તા.4

ખાનપુરના લવાના ગામ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વિદેશી દારૂ ભરેલી ગાડી પકડી પાડી હતી. પ્રાથમિક તપાસમાં દારૂ આણંદ પહોંચાડવાનો હતો.

રાજ્ય સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને બાતમી મળી હતી કે, લાડુરામ ભાગીરથરામ બિશ્નોઇ (રહે. રાજસ્થાન) વિદેશી દારૂ ભરેલી ગાડી લઇ પાંડરવાડા બાકોર તરફથી લુણાવાડા આવી રહી છે. આ બાતમી આધારે 2જી સપ્ટેમ્બરના રોજ ટીમ બનાવી માલપુર - લુણાવાડા ધોરી માર્ગ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન ગાડી આવતા રસ્તો બ્લોક કરી તેને રોકી હતી અને ચાલકને પકડી પાડ્યો હતો. બાદમાં ગાડીમાં તપાસ કરતાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ચાલકનું નામ પુછતાં તે લાડુરામ બિશ્નોઈ હોવાનું જણાવ્યું હતું. જેને બાકોર પોલીસ મથકે લાવી પુછપરછ કરતાં પીન્ટુસીંગ ઉર્ફે પ્રિતેશ કલાલ (રહે.ડુંગરપુર, રાજસ્થાન) તેના શેઠ છે અને તેઓએ દારૂ ભરેલી ગાડી આપી નડિયાદ થઇ આણંદ પહોંચાડવા સુચના આપી હતી. આ દારૂની લાઈન શૈલેષ ઈન્દ્રમલ જૈન (રહે. ડુંગરપુર, રાજસ્થાન) ચલાવે છે અને અનિલચંદ્ર લીમચંદ્ર લબાના અને પીન્ટુસીંગ ઉર્ફે પ્રિતેશ કલાલ ભાગીદાર છે. એક ટ્રીપના રૂ. ચાર હજાર આપતાં હતાં. આ કબુલાત આધારે પોલીસે વિદેશી દારૂ રૂ.1.64 લાખ, ગાડી રૂ.10 લાખ સહિત કુલ રૂ.11,69,820નો મુદ્દામાલ જપ્ત કરી લાડુરામ ભગીરથરામ બિશ્નોઇ, શૈલેષ ઈન્દ્રમલ જૈન, અનિલચંદ્ર લીમચંદ્ર લબાના, પીન્ટુસીંગ ઉર્ફે પ્રિતેશ કલાલ, ગાડીનો માલીક તથા વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર શખ્સ સહિત છ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બાલાસિનોરમાં સફાઇ અને દવા છંટકાવ કામગીરી હાથ ધરાઇ





મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં ભારે વરસાદ બાદ વિવિધ વિસ્તારોમાં રોગચાળો ફાટી ન નીકળે તે માટે વિવિધ પગલાં ભરવામાં આવી રહ્યાં છે. ખાસ કરીને નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરી દવા છંટકાવ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદ બાદ પાલિકા તંત્ર દ્વારા વિવિધ વિસ્તારોમાં અલગ અલગ ટીમો બનાવી સાફ સફાઇ કરવામાં આવી હતી. જાહેર માર્ગો સફાઈ કરી નગર ચોખ્ખું કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત રોગચાળો ન વધે એ માટે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

### બાલાસિનોરના રોડ રોમિયોએ યુવતીની છેડતી કરી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.4

બાલાસિનોરના બસ સ્ટેન્ડ પાસે બે રોડ રોમિયોએ યુવતીની છેડતી કરી હતી.

બાલાસિનોરના બસ સ્ટેન્ડ પર 2જી સપ્ટેમ્બરના રોજ રાત્રિના સુમારે યુવતી તેના પરિવારજનો સાથે બસમાંથી ઉતરી ઘરે જવા નિકળ્યાં હતાં. તેઓ બસ સ્ટેન્ડની બહાર ઉભા હતાં તે સમયે બે અજાણ્યા શખ્સ વારા ફરતી આવ્યાં હતાં અને છેડતી શરૂ કરી હતી. અશ્લીલ શબ્દ બોલવા લાગ્યાં હતાં. આ સમયે યુવતીના પિતા આવી જતાં તેણે ઠપકો આપ્યો હતો. આથી, બન્ને શખ્સે અપશબ્દ બોલવા લાગ્યાં હતાં. જોકે, પરિવારજનો રીક્ષામાં બેસી જતાં રહેતાં બન્ને શખ્સે પીછો કર્યો હતો. આ અંગે બાલાસિનોર પોલીસે નયન વિનોદ કટારીયા અને હિતેષ હિરા ચૌહાણ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઝારોલામાં નવતરપ્રયોગ : કારકિર્દી ઘડતર માટે બાળ વયમાં જ તાલિમ અપાઇ

**ઝારોલા હાઈસ્કૂલમાં** ટેટ, ટાટ પાસ 64 શિક્ષકોએ એક દિવસ માટે શૈક્ષણિક કાર્ય કરાવ્યું

**પેટલાદ બી.એડ** કોલેજના 38 નિરીક્ષકોએ પાઠનું નિરીક્ષણ કરી શ્રેષ્ઠ શિક્ષક નક્કી કર્યા



(પ્રતિનિધિ) બોરસદ, તા.4

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલ ઝારોલાની હાઈસ્કૂલમાં ભવિષ્યમાં શિક્ષક તરીકેની કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ખૂબ સુંદર તક પૂરી પડાઈ હતી. બે માસ પહેલા આગોતરું આયોજન કરીને જેમને શિક્ષક બનવું હોય તેવા વિદ્યાર્થીઓ માટે સરકાર જે રીતે પરીક્ષા લે છે તે જ રીતે ટેટ ,ટાટ ,એચ મેટ જેવી પરીક્ષાનું શાળામાં આયોજન કરાયુ હતું. વિદ્યાર્થીઓએ આ પરીક્ષા ના બંને તબક્કા પાસ કરીને શિક્ષક બનવાની યોગ્યતા પ્રાપ્ત કરી હતી. વિષય શિક્ષકના માર્ગદર્શન હેઠળ લેસન પ્લાન તૈયાર કરી બે સપ્ટેમ્બર ના રોજ બાલમંદિર થી ધોરણ 12માં 37 કન્યાઓ અને 27 કુમાર આમ કુલ 64 વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું તેમજ એચ મેટ પાસ કરેલ ધોરણ 12 સાયન્સના દિપાલીબેને ધો.kg થી 12 માં આચાર્ય તરીકેની સુંદર ફરજ બજાવી હતી, અને ધોરણ 12 સામાન્ય પ્રવાહના કૌશલ નામના વિદ્યાર્થીએ કેજીથી આઠમાં ઉપાચાર્ય તરીકે ફરજ બજાવી હતી. પેટલાદની બી.એડ કોલેજના 38 તાલીમાર્થીઓ દ્વારા આ તમામ 64 શિક્ષકોના પાઠોનું સતત નિરીક્ષણ કાર્ય કરી દરેક વિભાગમાંથી શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી કરાઈ હતી. કેજી વિભાગમાં પરમાર દર્શ, એક થી પાંચમાં રિદ્ધિ એસ પટેલ, ધોરણ 6 થી 8 માં ધનવી એચ પટેલ, ધોરણ 9, 10 માં પ્રાપ્તિ એ પટેલ, સામાન્ય પ્રવાહમાં મિતલ આર પરમાર અને વિજ્ઞાન પ્રવાહમાં દેવ .ડી. મકવાણા શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ પામ્યા હતા.

શાળાના આચાર્ય નવીનભાઈ પટેલ શિક્ષક બનેલ તમામ વિદ્યાર્થીઓ ને અભિનંદન આપ્યા હતા તેમજ ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિરીક્ષણ કાર્ય કરેલ બી.એડ કોલેજ પેટલાદના તમામ તાલીમાર્થીઓનો તેમજ કોલેજના આચાર્યા નયનાબેન, તથા કોલેજના તમામ સ્ટાફનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

#### શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાશે

શ્રેષ્ઠ શિક્ષકોને પાંચમી સપ્ટેમ્બર (શિક્ષકદિન)ના રોજ પારૂલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર પવનભાઈ દ્રીવેદીના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક નો એવોર્ડ એનાયત કરાશે. સમાપન સમારોહમાં બાલમંદિર થી 12 ધોરણમાં ઓગસ્ટ માસમાં સ્ટાર એવોર્ડ માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓને પેટલાદ બીએડ કોલેજના તાલીમાર્થીઓએ સ્ટાર લગાવી સન્માનિત કર્યા હતા. શિક્ષક બનેલ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વાગોળ્યા હતા. બી.એડ કોલેજના તાલીમાર્થી કુમારી હેપી, જીએસ પાર્થ તથા અન્ય વિદ્યાર્થીઓએ શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે આટલી નાની ઉંમરના બાળકોએ સરકારી પરિક્ષા જેવી પરીક્ષા પાસ કરી જે રીતે લેસન પ્લાન બનાવ્યા અને પૂરા આત્મવિશ્વાસ સાથે નીડરતાપૂર્વક જે રીતે શૈક્ષણિક કાર્ય કરાવ્યું તે કાબીલે દાદ છે. તેમને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ નસીબદાર છે કે તેમને પોતાનું જીવન ઘડતર કરતી આટલી સુંદર શાળા મળી છે.